અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૯/૯૨૪૪૪-૭૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૮/૦૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટના અમલીકરણ બાબત.

સંદર્ભ:- ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની તા.૦૧/૧૦/૨૦૧૮ની શૈક્ષણિક સમિતિની બેઠકનો ઠરાવ ક્રમાંક:૯૬(૩)/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંદર્ભ દર્શિત ઠરાવથી કરવામાં આવેલ નિર્ણય મુજબ ધોરણ-૯ થી ૧૨માં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તેવો જીવન કૌશલ્યો અંગેનો 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી ગત વર્ષે અમલમાં મૂકવામાં આવેલ હતો. જે બાબતથી આપ સુવિદિત છો. આ પ્રોજેક્ટ અંતર્ગત બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ થી ૧૨ પરથી "જીવન કૌશલ્યો" અંગેના કાર્યક્રમોનું પ્રસારણ ચાલુ વર્ષે પણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ સાચા જીવન કૌશલ્યોથી પરિચિત થાય અને તેઓના જીવનમાં તેનું અનુકરણ કરી તેઓ સાચી દિશામાં આગળ વધી શકે તે માટેનો છે.

આ કાર્યક્રમનું પ્રસારણ અઠવાડિયામાં એક વાર એક કલાક માટે કરવામાં આવશે. તેમજ તેનું પુનઃપ્રસારણ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત અને ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે મરજિયાત રહેશે. ધોરણ-૯ અને ૧૦ માટે આ કાર્યક્રમનું પ્રસારણ દર બુધવારે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે અને તેનું પુનઃપ્રસારણ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમિયાન કરવામાં આવશે. ધોરણ-૧૧ અને ૧૨ માટે આ કાર્યક્રમનું પ્રસારણ દર ગુરૂવારે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે અને તેનું પુનઃપ્રસારણ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમિયાન કરવામાં આવશે. શાળાના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ નિહાળવાનો રહેશે તેમજ તેમાં આપવામાં આવેલ સૂચના અનુસાર પ્રવૃત્તિ કરવાની રહેશે. શાળાના શિક્ષકોએ આ માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું રહેશે.

આ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે આપની કચેરીના એક શિક્ષણ નિરીક્ષક/મદદનીશ શિક્ષણ નિરીક્ષકને નોડલ ઓફિસર તરીકે નિમણૂક આપવાની રહેશે. શાળાના આચાર્યશ્રીએ તેઓની શાળામાં આ કાર્યક્રમના અમલ અંગેનો અહેવાલ ફોટોગ્રાફ સહીત નોડલ ઓફિસરને મોકલવાનો રહેશે. નોડલ ઓફિસર દ્વારા સમગ્ર જિલ્લાનો અહેવાલ બોર્ડને

Scanned by CamScanner

મોકલવાનો રહેશે. આ કાર્યક્રમનું માર્ગદર્શન તેમજ દેખરેખ અપરાજિથા ફાઉન્ડેશનની ટીમ દ્વારા કરવામાં આવશે. તેથી તેઓને આ કાર્યક્રમ અંગે સહકાર આપવા વિનંતી.

આ પ્રોજેક્ટ અંગે શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટના કાર્યક્રમનું BISAGના માધ્યમથી કરવામાં આવનાર પ્રસારણનું સમય પત્રક તેમજ આ કાર્યક્રમના અમલીકરણ અંગેની શિક્ષક માર્ગદર્શિકા આ સાથે મોકલી આપવામાં આવે છે. અપરાજિથા સંસ્થા દ્વારા 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટની એપ્લિકેશન 'ttt aparajitha' તૈયાર કરવામાં આવેલ છે. જેમાં શાળાઓ દ્વારા આ કાર્યક્રમ અંગે રીવ્યુ આપી શકાશે.

ક્રમાંક / ૩૯૦૫૯.
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૦-૦૭-૨૦૧૯

- નકલ રવાના જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ મા.
ઉ.મા. શાળાઓ તમામ.

Scanned by CamScanner